૧૦

આદર્શ નિવાસી શાળા (વિ.જા.) ખંભાતમાં
મરામત કામ કરવા બાબત

ડાં.ગ્રેન.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૮/૪૪૮૩૫૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૫/૦૯/૨૦૧૮

વંચાણે લીધો-

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૬/૦૭/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ વિજાક/આનિશા/મરામત/૨૦૧૮/૧૦૬૨

આમુખ :

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણે વંચાણે લીધેલા તા.૨૬/૦૭/૨૦૧૮ ના પત્રથી આદર્શ નિવાસી શાળા(વિ.જા.), ખંભાતમાં મરામત કામ માટે થનાર અંદાજિત ખર્ચ રૂ.૧૬.૬૦ લાખ (અંકે રૂપિયા સોળ લાખ સાઇઠ હજાર પુરા)ને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા(વિ.જા.), ખંભાતમાં મરામત કામ માટે થનાર અંદાજિત ખર્ચ રૂ.૧૬.૬૦ લાખ (અંકે રૂપિયા સોળ લાખ સાઇઠ હજાર પુરા)ને નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનું ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર:૪૨ મકાનો હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૯/૦૮/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. એમ. ઘાંચી )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- ના.કા.ઇ.શ્રી, ના.કા.ઇ.શ્રીની કચેરી(માxમ) પેટા વિભાગ, તાલુકા સેવા સદનની પાછળ, ખંભાત
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.ક) આણંદ (નિયામકશ્રી (વિ.જા.ક) મારફત)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ
- સેકશન અધિકારીશ્રી, બજેટ, કો.સેલ શાખા, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૮